ગાંધીનગર સમાચાર

સન્ડે સાયન્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓએ જાતે પ્રયોગો કર્યા

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૦ કલાકનો રહેશે.

● સે-૨૦ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે સવારે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન યોગ શિબિર યોજાશે.

● વાવોલની એમ.બી. પટેલ હાઈસ્કૂલ ખાતે સવારે ૯.૦૦ કલાકે દાતા પૃથ્વીભાઈ શાહ દ્વારા જરૂરિયાતમંદ વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશનું વિતરણ કરાશે.

# ગવર્મેન્ટ આર્ટસ કોલેજમાં આગ લાગતા નાસભાગ

## ભુગોળ લેબની બાજુમાં જુની બેન્ચીસ સહિતનો ફર્નિચરનો ખડકલો પડયો હતો તે સળગી ગયો : સ્ટ્રોંગ રૂમ નજીક આગ લાગી હોવાનું કલેકટરને ધ્યાને આવતા વહીવટી તંત્રનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડયો







ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ખાતે સ્થિત ગવર્મેન્ટ આર્ટસ કોલેજમાં આજે બપોરના અરસામાં અચાનક આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. જોકે વિદ્યાર્થીઓ કોલેજમાં ન હતા પરંતુ સ્ટાફ કોલેજમાં બેઠો હતો. ઘટનાની જાણ થતા ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ વધુ આગ પ્રસરતા અટકાવી દીધી હતી. જયાં આગ લાગી તેની નજીક જ સ્ટ્રોંગ રૂમ હોવાથી વહીવટી તંત્રનો સ્ટાફ પણ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. જુનું ફર્નિચર બળીને ખાખ થઈ જવા સિવાય કોઈ મોટી માલહાની કે કોઈ જાનહાની થવા પામી નથી. આગ લાગવા પાછળનું કારણ હજુ સ્પષ્ટ થઈ શકયું નથી.

સરકારી આર્ટસ કોલેજ સે-૧૫માં આગ લાગી હોવાનો કોલ મળતા ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. કોલેજના પ્રથમ માળે સ્થિત ભુગોળ લેબોરેટરીની બાજુમાં જુની બેન્ચીસ તથા અન્ય ફર્નચીરનો વર્ષોથી ખડકલો કરેલો છે ત્યાં અચાનક આગ લાગી હતી. પાણીનો મારો ચલાવીને આગન કાબુમાં લઈ લેવામાં આવતા આગ વધુ પ્રસરી ન હતી. આગના સ્થળથી નજીક જ સ્ટ્રોંગરૂમ છે. તેમાં ઈ.વી.એમ. મશીનો તથા ચુંટણીના સાહિત્યો મુકવામાં આવેલા છે. જેને પગલે જિલ્લા વહીવટી તંત્રનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આગ ઘટના સમયે કોલેજમાં પ્રોફેસર્સ હતા જો કે વિદ્યાર્થીઓ ન હતા. આ ઘટનામાં કાટમાળ જેવુ ફર્નિચર બળીને ખાખ થઈ જવા પામ્યું છે. સદભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી.

## વાતવાતમાં

● શહેરમાં ફુટપાથ પરના નડતરરૂપ તથા જોખમી વૃક્ષોને કાપી તેના થડ પણ વન વિભાગે હટાવી દીધા છે. તાજેતરમાં ફૂટપાથ રીપેરીંગ પાછળ લાખોનો ખર્ચ કરનાર માર્ગ મકાન વિભાગે આ થડ કઢાયા પછીના રહી ગયેલા ખાડાઓ કેમ સરખા નથી કર્યા તે 'યક્ષ' પ્રશ્ન છે.

● ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના માર્ગો પર રૂપકડી ડસ્ટબીનો ખડકી દેવાઈ હતી. જો કે આ ડસ્ટબીનોની આસપાસ જ કચરાના ઢગ જોવા મળી રહ્યા છે જેના માટે સમયસર ડસ્ટબીનો ખાલી નહી થતી હોય કે કોઈ અન્ય કારણ જવાબદાર છે તે તપાસનો વિષય છે.

● ભારત સરકાર દ્વારા ઉજાલા એલઈડી બલ્બનું બજાર કરતા ત્રણ ગણી કિફાયતી કિંમતે વિતરણ કરાઈ રહ્યું છે. ગાંધીનગરમાં ટોરેન્ટ પાવરના કાર્યાલયે આ બલ્બનું વિતરણ કરાતું હોઈ તે મેળવવા નગરજનોની લાંબી લાઈનો લાગી રહી છે.

● આગામી તા. ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ ઉજવાશે. શહેરની શૈક્ષણિક સંસ્થાઓ સહિત અન્ય સંસ્થાઓમાં પણ આ દિવસની ભવ્ય ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● શહેરના માર્ગોની આસપાસ વન વિભાગની રક્ષિત જગ્યામાં ફેન્સિંગ દ્વારા વૃક્ષોને સુરક્ષા કવચ અપાયું છે. જો કે અનેક ઠેકાણે આ ફેન્સીંગની થાંભલીઓ તુટી ગયેલી જોવા મળી રહી ચે.

● ગાંધીનગરમાં પ્રવેશવાના માર્ગો પર દેશના ગૃહમંત્રી રાજનાથસિંહને આવકારતા પોસ્ટર્સ લાગી ચૂકયા છે.

## મિરાકલ ઓફ માઈન્ડ પાવર વિષયે સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સ્થિત યોગી સ્પિરિચ્યુઅલ ફાઉન્ડેશન દ્વારા જુદા જુદા આધ્યાત્મિક તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે. જેમાં માઈન્ડ પાવર યોગા,મની માઈન્ડ યોગા, ટોટલ બોડી-માઈન્ડ યોગા જેવા તાલીમ વર્ગો પણ યોજાય છે. આગામી તા. ૨૧મી જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે સવારે ૬.૩૦થી ૮.૩૦ કલાક દરમિયાન બોરીજ ગામના યોગી આધ્યાત્મિક તાલીમ કેન્દ્ર ખાતે મિરાકલ ઓફ માઈન્ડ પાવર ફ્રી સેમિનારનુંઆયોજન કરવામાં આવ્યુ છે. આ સેમિનારમાં પોતાના મનની શકિતઓનો અદ્યતન પ્રયોગ કઈ રીતે આર્થિક, માનસિક, શારીરિક અને આધ્યાત્મિક ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકાય તેની અદ્યતન ટેકનીક શીખવવામાં આવનાર છે. ફાઉન્ડેશન દ્વારા આ સેમિનારનો નગરજનોને લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

# આડેધડ વાહન પાર્કીંગ હવે નહી ચલાવી લેવાય

## સે-૨૧ શાકમાર્કેટ આસપાસના માર્ગ પર વાહન ટોઈંગ કામગીરી તેજ : તબક્કાવાર અન્ય વિસ્તારોમાં ટોઈંગ શરૂ કરાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના કેટલાક વિસ્તારો એવા છે જે સ્થળેથી પસાર થવા માટે ભયંકર ટ્રાફીકની સમસ્યાનો સામનો કરવો પડે..! તેના મુખ્ય બે કારણો આડેધડ વાહન પાર્કીંગ અને બેરોકટોક દબાણ છે...! આ શિરદર્દ સમાન બનેલા ટ્રાફિકના પ્રશ્નને પડકારવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે ખાસ કવાયત શરૂ કરાવી છે. હવે આડેધડ વાહન પાર્કીંગને ચલાવી નહી લેવામાં આવે અને આડેધડ વાહન પાર્ક કરતા વાહનચાલકોના વાહન ટોઈંગ કરી કડક દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ એસ.પી.એ જણાવ્યું છે.






ગાંધીનગર સેકટર-૨૧ શાકમાર્કેટ આસપાસના માર્ગ પર આ પ્રશ્ન વર્ષોથી ઉદભવે છે. ત્યાં રસ્તા વચ્ચે બેસી જતા પાથરણાવાળા અને લારી ગલ્લા ધારકોને કડક શબ્દોમાં પોલીસે સુચના આપી દીધી છે કે હવે રરસ્તા વચ્ચે તેમણે ઉભું રહેવું નહી. તેમના કારણે અન્ય ગ્રાહકો રસ્તા વચ્ચે વાહનો ઉભા કરી ખરીદી કરવા લાગે છે અને ટ્રાફીકની સમસ્યા વકરે છે તે ઉપરાંત આડેધડ વાહન પાર્કીંગ કરીને શાકભાજી ખરીદવા જતા રહેતા રહીશ હવેથી આડેધડ પાર્ક ન કરે તે માટે તેમના વાહનો ટોઈંગ કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. બે દિવસથી ત્યાં પાર્ક થતા વાહનો ટો કરવાનું શરૂ કરતા પરિસ્થિતિ ખુબ જ અલગ જોવા મળી રહેલ છે. આ સ્થળે રસ્તા ખુલ્લા થઈ જતા વાહનચાલકોને ત્યાંથી પસાર થવામાં પણ સરળતા થઈ ગઈ છે. તબક્કાવાર સે-૧૭/૨૨, સે-૧૧, સે-૧૬ અને સે-૨૪ તથા સે-૭ના આવા વિસ્તારોમાં પણ આ પ્રકારે કડક કામગીરી શરૂ કરી શહેરને ટ્રાફીક સંબંધિત સમસ્યાઓથી મુકત કરવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું છે.

## મોચી સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૭

સમસ્ત જણસારી સમાજ વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા અને ગુજરાત જનક્ષત્રિય દંઢાવ્ય વિ. કેળવણી ટ્રસ્ટ પ્રેરિત અપરિણીત યુવક યુવતિઓને યોગ્ય જીવનસાથી મળી રહે તે માટે પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલું છે.

વધુ વિગત અને ફોર્મ તથા રજીસ્ટ્રેશન માટે શ્રી બુધેશભાઈ એસ. ચૌહાણ-અમદાવાદ મો. ૯૮૯૮૨૫૭૭૧૫ અને શ્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણ-ગાંધીનગર મો. ૯૪૨૭૦૫૬૮૪૫નો સંપર્ક કરવા જણાવાયું છે. પસંદગી મેળાનું આયોજન અપેક્ષિત રીતે ટાઉનહોલ ગાંધીનગર ખાતે અંદાજીત જુલાઈ માસમાં કરવામાં આવનાર છે. રજીસ્ટ્રેશન કરાવનાર દરેક ઉમેદવારને સ્થળ પર સંપૂર્ણ કીટ આપવામાં આવશે. સ્વર્ણિમ જીવનસાથી પસંદગી મેળામાં થનાર આવક સમાજના સામાજીક અને શૈક્ષણિક કાર્યમાં વાપરવામાં આવશે તેમ કન્વીનર શ્રીમતી ઉષાબેન એમ. ચૌહાણે જણાવેલ છે. પસંદગી મેળામાં ભાગ લેનાર યુવતિઓને સરપ્રાઈઝ ગીફટ આપવામાં આવશે.

# પથિકાશ્રમ સર્કલ પાસેથી બાઈકચોર ઝડપાયો



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ વાહનચોરો પકડવા સક્રિય થઈ છે. પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોકકસ બાતમીને આધારે પથિકાશ્રમ સર્કલ પાસેથી એક શખ્સને ચોરીના સ્પ્લેન્ડર બાઈક સાથે પકડી પાડવામાં આવ્યો હતો. મુળ બાવળા વિસ્તારનો અને હાલ સે-૧૩ ગુરૂકૃપા હોસ્ટેલમાં રહેતા મહેશ દિલીપસિંહ ચાવડાને પકડીને બાઈકના કાગળ અંગે પુછતાછ કરતા સંતોષકારક જવાબ આપ્યો ન હતો. ઉંડી પુછપરછમાં તેણે તેના સંબંધી કાળુ ભાઉભાઈ મસાણી પાસેથી આ બાઈક સાતેક વર્ષ પહેલા લીધું હોવાનું જણાવ્યું છે. આ બાઈક અંગે તપાસ કરતા સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયેલુ હોવાનું જાણવા મળતા એલસીબીની ટીમે મુદ્દામાલ રીકવર લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુઘડ કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

સુઘડ નર્મદા કેનાલના પાણીમાંથી ગઈ કાલે અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા બિનવારસી આશરે ૩૦ થી ૩૫ વર્ષના યુવાનનો મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખ માટે તપાસ આંરભી હતી. જો કે તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા સ્થળ પરથી મળી આવ્યા ન હતા. મૃતદેહ જોતા ત્રણેક દિવસથી મૃતદેહ પાણીમાં પડયો હોય તેવી સ્થિતિમાં હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

# ચંદ્રાલા પાટીયા પાસે હીટ એન્ડ રન

## અજાણ્યા વાહનની અડફેટે બિનવારસી યુવાનનું મૃત્યુ : વાહન લઈને ડ્રાઈવર ફરાર

ગાંધીનગર, તા.૧૭

નેશનલ હાઈવે નં. ૮ પર રાત્રી દરમિયાન વધુ એક હીટ એન્ડ રનની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે. બેફામ ગતિએ જતા વાહનો યમદૂત સાબિત થઈ રહ્યા છે. ગઈ રાત્રે અજાણ્યા વાહને ચંદ્રાલા ગામના પાટીયા પાસે હાઈવે પરથી પસાર થતા બિનવારસી યુવાનને અડફેટે લઈ મોતને ઘાટ ઉતાર્યો હતો. ચિલોડા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આરોપી ડ્રાઈવર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે તો બીજી તરફ મૃતકની ઓળખ માટે તથા વાલીવારસ સુધી પહોંચવા પોલીસે દોડધામ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ રાત્રી દરમિયાન બેફામ જતા અજાણ્યા વાહને આશરે ૩૫ વર્ષની વયના ભિક્ષુક જેવા દેખાતા યુવાનને ટકકર મારી હતી. ઘટના સ્થળ પર જ તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. અને આરોપી વાહન ચાલક તે યુવાનને કેટલું વાગ્યું તે જોવા પણ ઉભો રહ્યો નહી! વાહન સાથે આરોપી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતા પીએસઆઈ આર.એસ. રાજપૂત સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ.માટે મોકલી તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે તો બીજી તરફ આરોપી ડ્રાઈવરને પકડવા ટોલ ટેક્ષ પર લગાડેલા સીસીટીવી કેમેરાની ચકાસણી શરૂ કરી છે જો કે હજુ સુધી આરોપી સુધી પહોંચી શકવામાં પોલીસને સફળતા મળી નથી.

# સ્વરા ગાઈડ માટે બીબીએના વિદ્યાર્થીઓની સમર ઈન્ટેનશીપ

ગાંધીનગર, તા.૧૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ ધંધાકીય ક્ષેત્રની વિવિધ તાલીમ લઈ રહ્યા છે. હાલમાં બીબીએ કોલેજના ૧૮ વિદ્યાર્થીઓ 'સ્વરા ગાઈડ'નો પ્રોજેકટ હાથમાં લઈ ૩૦ દિવસની 'સમર ઈન્ટેનશીપ' તાલીમમાં જોડાયા છે. આ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓ ગાંધીનગર સ્થિત વિવિધ કોમર્શિયલ ઝોનમાં જઈ 'સ્વરા ગાઈડ' ડિરેકટરીની માહિતી આપે છે તેમજ ગાંધીનગર સ્થિત તમામ ધંધાકીય એકમો જો 'સ્વરા ગાઈડ'માં નોંધણી કરાવે તો તેને ભવિષ્યમાં કયા પ્રકારનાં ફાયદા થઈ શકે તેની વિસ્તૃત માહિતી પ્રદાન કરે છે.

ઈન્ટેનશીપ દરમિયાન વિદ્યાર્થીઓમાં અસરકારક



પ્રેઝન્ટેશન, અસરકારક કોમ્યુનિકેશન, પ્લાનિંગ કો ઓર્ડીનેશન, ગોલ એચિવમેન્ટ એનાલીટિકલ, આઈ.ટી. તેમજ ઓર્ગેનાઈઝેશન સ્કિલ્સ, સંચાલન અને વહીવટ શીખવા અનેક સ્કિલ્સનું ડેવલોપમેન્ટ થશે. સ્વર અંબીક ઈન્ફોપ્રિન્ટ પ્રાઈવેટ લિમિટેડના ડિરેકટર વિજયભાઈ પટેલ જેઓ છેલ્લા ૨૦ વર્ષથી સ્વરા ગાઈડ બિઝનેસ ટેલીફોનીક ડિરેકટરીનું સંકલન કરી માહિતી પ્રદાન કરે છે. હાલમાં તેઓ 'મલ્ટી કલર'માં પાંચમી આવૃત્તિનું પ્રકાશન કરવા જઈ રહ્યા છે. જેનો ગાંધીનગરના તમામ રહેવાસીઓને લાભ મળશે. હાલના હરિફાઈના યુગમાં દરેક વિદ્યાર્થીઓના કૌશલ્યો ખીલવવા માટે તેમજ તેમનામાં સ્કિલ ડેવલોપ કરવા માટેની આવશ્યકતા છે. તેમાં વિદ્યાર્થીઓ બીબીએ દ્વારા 'મલ્ટી સ્કિલ્સ' ડેવલોપ કરે છે જે કોલેજ માટે ગૌરવની બાબત છે. સમગ્ર ઈન્ટેનશીપ ડ્રાઈવ આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ કમિટિના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ સમગ્ર ટીમ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી.

# સન્ડે સાયન્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓએ જાતે પ્રયોગો કર્યા

## સે-૨૩માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે સન્ડે સાયન્સ સ્કૂલનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા 'સન્ડે સાયન્સ સ્કૂલ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. સન્ડે સાયન્સ સ્કૂલમાં શહેરની વિવિધ શાળાના વિજ્ઞાનના વિદ્યાર્થીઓ ભાગ લઈ વિવિધ પ્રયોગો જાતે કરીને વિષયને વધુ ગહનતાથી શીખી રહ્યા છે.

આજના સાયન્સ અનો ટેકનોલોજીના યુગમાં નવી નવી શોધોના કારણે માનવ જીવનમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. આ ફેરફારો વિજ્ઞાનમાં થયેલા વિકાસને કારણે શકય બન્યા છે. વિદ્યાર્થીઓમાં બાળપણથી વિજ્ઞાનમાં રસ અને રૂચિ કેળવાય તે હેતુથી નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર રવિવારે 'સન્ડે સાયન્સ સ્કૂલ'નું આયોજન કરવામાં આવે છે. સન્ડે સાયન્સ સ્કૂલમાં ગાંધીનગરની વિવિધ શાળાઓના



ધોરણ ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લે છે અનો તેમના અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગો જાતે કરે છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન સાયન્સ સેન્ટર ખાતે વિવિધ વર્કશોપ, સેમિનાર, સાયન્સ ફિલ્મ વગેરેના આયોજનનો પણ બાળકો લાભ ઉઠાવે છે. રાજય તથા કેન્દ્ર સરકાર દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાઓ જેવી કે ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ, નેશનલ સાયન્સ ફેર, નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ, સાયન્સ કિવઝ વગેરેમાં પણ વિદ્યાર્થીઓ જોડાયા છે. હાલ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સન્ડે સાયન્સ સ્કૂલ માટે રજીસ્ટ્રેશન કાર્યવાહી ચાલી રહી છે અને મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો હોઈ રસ ધરાવતા વિદ્યાર્થીઓએ સત્વરે નામ નોંધાવી લેવા સેન્ટરના સંચાલકો દ્વારા અનુરોધ કરાયો છે. સન્ડે સાયન્સ સ્કૂલ માટે વધુ માહિતી મેળવવા સે-૨૩માં મહર્ષિ અરવિંદ કેન્દ્ર સામે આવેલા નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સંપર્ક સાધવા જણાવાયું છે.

## મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ૧૭મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ૧૭મી વાર્ષિક સાધારણ સભા અને સભાસદોના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંડળીના મંત્રી કલ્પેશ પટેલ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ના હિસાબો તથા સરવૈયુ રજુ કરવામાં આવ્યું હતું તથા મંડળીની યોજનાઓ-વિગતોની રૂપરેખા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નિવૃત્ત નાયબ કમિશનર એ.યુ. બચુ સાહેબ દ્વારા સતત ૧૦મા વર્ષે સભાસદોને બચત ઉપર ૧૮ થી ૨૦ ટકા વ્યાજ મંડળી દ્વારા આપવામાં આવે છે તે બાબતે ખુશી વ્યકત કરી હતી. મંડળીના સભાસદોના ૧૪ જેટલા તેજસ્વી તારલાઓને મહેમાનો દ્વારા વિદ્યા પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર સભાનું સંચાલન શ્રીમતી એન.એમ. શુકલે કર્યુ હતું. તેમજ આભારવિધિ પી.સી. મોદી દ્વારા કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● સ્વ. કચરાજી વાલાજી ઠાકોર, ઉ.વ.૬૫